**ક્રિ. કે. નં...........................**

**: આંક – ૧ લગત હુકમ :**

(૧) ફરિયાદી, દ્વારા હાલની ખાનગી સ્વરૂપની ફરિયાદી આરોપી સામે ધી. એન. આઈ. એકટની કલમ ૧૩૮ મુજબ દાખલ કરેલ છે. જે ફરિયાદ ફરયાદીએ સને .......... માં દાખલ કરેલ છે. જે બાદ ફરિયાદી હાજર રહેલ નથી.

(૨) હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા આરોપીને બતાવેલ સરનામે સમન્સ ઈસ્યુ કરતા આજદીન સુધી સમન્સ બજે કે વગર બજે પરત થયેલ નથી. રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદી તર્ફે વિ.વ.શ્રી દ્વારા નવિન સરનામા માટે કોઈ અપજી આપેલ નથી. હાલનું કામ છેલ્લા ઘણા વર્ષથી પ્રોસેસની બજવણી માટે મુલતવી છે. પરંતુ આરોપીને પ્રોસેસ બજવણી માટે કોઈ પ્રયત્ન કરેલ નથી. આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા એસ. રામાક્રિષ્ના વિરૂદ્ધ રામીરેડ્ડી, (૨૦૦૮)(૦)એ. આઈ. આર. (એસ. સી.) ૨૦૬૬ ના ચુકદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ ફરિયાદીને અચોક્કસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહિ તે સાથો સાથ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ. અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તા. ૧૮/૧/૧૦ ના ચુકાદો ધ્યાને લેતા તેમાં ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતા ના હોય તો ફરિયાદપક્ષની બેદરકારી કહેવાય અને તે કારણસર ફરિયાદ રદ થવાને પાત્ર છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ લીગલ સર્વીસીસ ઓથોરીટી દ્વારા લોક અદાલત અંગે બહાર પાડેલ એસઓપી મુજબ પણ નિસક્રિય કેસ કાઢી નાંખવા જણાવેલ છે. જે તમામ હકીકત ધ્યાને લઈ હાથ ઉપરના કેસમાં જોવામાં આવે તો ફરિયાદ તથા વિ.વ.શ્રી ઘણા વર્ષથી હાજર રહેલ નથી કે કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદીને હાલની ફરિયાદ આગળ ચલાવવા રસ ન હોવાનું તેમજ તેઓ પાસે આરોપીને પ્રોસેસ બજવણી માટે કોઈ સરનામું ન હોવાનું જણાઈ આવે છે. જેથી હાલની ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ મુજબ કાઢી આજરોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં કાઢી નાંખવા માટે ઉચીત જણાઈ આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

- ફરિયાદીની હાલની ફરિયાદ ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૬ અન્વયે ફરિયાદીની ગેરહાજરી તથા પ્રોસેસ બજાવવા માટે સરનામું રજૂ ન કરવાના કારણ સર કાઢી નાંખવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીને છોડી મુકવા હુકમ કરવામાં આવે છે.
- આરોપીનું સરનામું મળી આવેથી ફરિયાદી ક્રિ. પ્રો. કોડ કલમ ૩૦૦(૫) મુજબ કાર્યાવાહી કરવા હકકદાર રહેશે.

હુકમ આજ તા.૦૯મી સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ નેશનલ લોક અદાલતની સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩

(એમ.વાય.સ્વામી)
૨૧માં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
સુરત – કોડ નં. જીજે ૦૧૨૩૨